પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (Foundational Literacy and Numeracy-FLN) માટે ત્રિવર્ષીય "નિપુણ ગુજરાત અભિયાન" નું રાજ્યવ્યાપી અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ED/SSA/e-file/3/2026/3376/N
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૦૭/૨૦૨૬

**વંચાણે લીધા:**

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2020
2. ભારત સરકારના શિક્ષણ મંત્રાલયની NIPUN ભારત મિશન માર્ગદર્શિકા-2021 અને NIPUN ભારત મિશન સુધારેલ માર્ગદર્શિકા-2023
3. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસએસએ/1021/સિ.ફા.4/ન, સચિવાલય, ગાંધીનગર તા.09/08/2021
4. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું- પાયાનો તબક્કો (NCF-FS 2022)
5. રાજ્ય અભ્યાસક્રમ માળખું –પાયાનો તબક્કો (SCF-FS 2024)
6. Right of Children to Free and Compulsory Education Act, 2009 (RTE Act, 2009).
7. ગુજરાત રાજ્યના Right of Children to Free and Compulsory Education Rules, 2012 (Gujarat RTE Rules, 2012).
8. શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રસિદ્ધ "શાળા વ્યવસ્થાપન સમિતિઓ (SMCs) માટેની માર્ગદર્શિકા, મે-2026

**<u>પ્રસ્તાવના:</u>**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2020માં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (Foundational Literacy and Numeracy-FLN)ને સમગ્ર શાળા શિક્ષણ વ્યવસ્થાનો પાયો માનવામાં આવ્યો છે. તેના અમલીકરણના ભાગરૂપે ભારત સરકાર દ્વારા "નિપુણ ભારત મિશન (National Initiative for Proficiency in Reading with Understanding and Numeracy - NIPUN Bharat)" અમલમાં મૂકવામાં આવેલ છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય Foundational Stage ના તમામ બાળકોમાં વય-અનુરૂપ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની ક્ષમતાઓ સુનિશ્ચિત કરવાનો છે.

રાજ્યમાં FLN ક્ષેત્રે હાથ ધરાયેલી પહેલોના અનુભવો, ઉપલબ્ધિઓ, પડકારો તથા PARAKH રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024ના પરિણામોને ધ્યાને લેતા, રાજ્યમાં FLN ક્ષમતાઓના વિકાસ માટે વધુ કેન્દ્રિત અને પરિણામલક્ષી પ્રયત્નોની આવશ્યકતા પ્રસ્થાપિત થઈ છે.

આથી, રાજ્યના દરેક બાળકમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની ક્ષમતાઓનો વિકાસ સુનિશ્ચિત કરવા વર્ષ 2026-27 થી 2028-29 સુધી ત્રિવર્ષીય "નિપુણ ગુજરાત અભિયાન" અમલમાં મૂકવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્યના બાલવાટિકા અને ધોરણ 1 થી 5 સુધીના તમામ બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (Foundational Literacy and Numeracy - FLN)ની ક્ષમતાઓનો વિકાસ કરી, ગુણવત્તાયુક્ત, સમાન, સમાવેશી અને પરિણામલક્ષી શાળા શિક્ષણ માટે મજબૂત પાયાનું નિર્માણ કરી જીવનપર્યંત અધ્યયન માટે જરૂરી મૂળભૂત કૌશલ્યોનો વિકાસ સુનિશ્ચિત કરવાના હેતુથી રાજ્યમાં વર્ષ 2026-27 થી 2028-29 સુધી "નિપુણ ગુજરાત અભિયાન" અમલમાં મૂકવામાં આવે છે.

1. **ઉદ્દેશ:**

નિપુણ ભારત મિશનના ધ્યેયો અને માર્ગદર્શક સિદ્ધાંતોને અનુરૂપ રાજ્ય સરકારના વિશિષ્ટ કાર્યક્રમ "નિપુણ ગુજરાત અભિયાન" અંતર્ગત પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN) માટેના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ રહેશે.

1. રાજ્યની તમામ બાલવાટિકા, ધોરણ-1 થી 5 સુધીના બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની ક્ષમતાઓ વિકસાવી અપેક્ષિત અધ્યયન પરિણામો પ્રાપ્ત કરવા.
2. બાલવાટિકા અને પ્રાથમિક શિક્ષણ વચ્ચે સરળ, સાતત્યપૂર્ણ અને બાળકકેન્દ્રી શૈક્ષણિક સંક્રમણ સુનિશ્ચિત કરી શાળા તૈયારીને (School Readiness) મજબૂત બનાવવી.
3. બાળકોમાં વાંચન, લેખન, ભાષાકીય સમજણ, સંખ્યાજ્ઞાન, તાર્કિક વિચારશક્તિ અને સમસ્યા નિરાકરણ જેવી મૂળભૂત ક્ષમતાઓનો વિકાસ કરી ક્ષમતાલક્ષી અધ્યયન (Competency Based Learning)ને પ્રોત્સાહન આપવું.
4. સમાન, સમાવેશી, બાળમૈત્રીપૂર્ણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા શૈક્ષણિક અસમાનતા ઘટાડવી તથા દરેક બાળકને શીખવાની સમાન તક ઉપલબ્ધ કરાવવી.
5. સતત મૂલ્યાંકન, શૈક્ષણિક સહાય અને ઉપચારાત્મક શિક્ષણ (Remedial Support) દ્વારા બાળકોના અધ્યયન પરિણામોમાં સુધારો સુનિશ્ચિત કરવો.
6. શિક્ષકો, મુખ્ય શિક્ષકો, CRCC, BRCC, BRP નિપુણ, DIET તથા અન્ય શૈક્ષણિક સહાયકોની વ્યવસાયિક ક્ષમતાઓમાં વૃદ્ધિ કરી FLN આધારિત અસરકારક શિક્ષણ સુનિશ્ચિત કરવું.
7. ટેક્નોલોજી આધારિત મોનિટરિંગ, ડેટા વિશ્લેષણ અને પુરાવા આધારિત આયોજન દ્વારા અભિયાનનું અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવું.
8. માતા-પિતા, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) તથા સ્થાનિક સમુદાયની સક્રિય ભાગીદારી દ્વારા બાળકો માટે સહાયક શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ કરવું.
9. બાળકોમાં જીવનપર્યંત અધ્યયન માટે જરૂરી મૂળભૂત જ્ઞાન, કૌશલ્યો અને મૂલ્યોનો વિકાસ કરી મજબૂત શૈક્ષણિક પાયાનું નિર્માણ કરવું.

10. રાજ્યથી શાળા સ્તર સુધી સ્પષ્ટ જવાબદારીઓ, કામગીરી સૂચકો, સમયબધ્ધ સમીક્ષા અને અનુવર્તી કાર્યવાહી (Follow-up Action) દ્વારા પરિણામલક્ષી અમલીકરણ સુનિશ્ચિત કરવું.

2. **નિપુણતાના સ્તર અને ત્રિ-વર્ષીય અપેક્ષિત લક્ષ્યાંકો:**

"નિપુણ ગુજરાત અભિયાન" અંતર્ગત રાજ્યની તમામ બાલવાટિકા, ધોરણ-1 થી 5 સુધીના બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (Foundational Literacy and Numeracy - FLN) સંબંધિત અધ્યયન પરિણામો (Learning Outcomes) હાંસલ કરવા માટે ભાષાકીય, સંખ્યાજ્ઞાન, જ્ઞાનાત્મક-તાર્કિક તથા સામાજિક-ભાવનાત્મક નિપુણતાઓનો વિકાસ સુનિશ્ચિત કરવામાં આવશે.

2.1 અભિયાન અંતર્ગત બાળકોની પ્રગતિનું મૂલ્યાંકન રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત FLN અધ્યયન પરિણામો અને મૂલ્યાંકન માપદંડોના આધારે કરવામાં આવશે. ટ્રેકર (લેડર)માં દર્શાવેલ વિધાનોની ટકાવારીના આધારે બાળકોને નીચે મુજબની શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવશે.

| ક્રમ | નિપુણતાની સ્થિતિ | વિધાનોની ટકાવારી |
|---|---|---|
| 1 | ઉદયમાન બાળકો | 0 થી 30 |
| 2 | પ્રગતિશીલ બાળકો | 31 થી 79 |
| 3 | નિપુણ બાળકો | 80 કે તેથી વધુ |

2.2 અભિયાનના ત્રિ-વર્ષીય અમલીકરણ દરમિયાન રાજ્ય, જિલ્લા, બ્લોક અને શાળા સ્તરે નીચે મુજબના વાર્ષિક FLN લક્ષ્યાંકો હાંસલ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે અને તેની સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે.

| લક્ષ્યાંકો | | | |
|---|---|---|---|
| **નિપુણ ક્ષમતાઓ** | **2026-27** | **2027-28** | **2028-29** |
| પાયાની સાક્ષરતા (Literacy) | 70% | 75% | 80% |
| સંખ્યાજ્ઞાન (Numeracy ) | 65% | 70% | 75% |

* ઉપર્યુક્ત લક્ષ્યાંકો નિપુણ બાળકોની ઓછામાં ઓછી અપેક્ષિત ટકાવારી સૂચવે છે.

2.3 રાજ્ય સ્તરે FLN સંબંધિત મુખ્ય કામગીરી સૂચકો નિર્ધારિત કરવામાં આવશે, જેના આધારે જિલ્લા, બ્લોક અને શાળા સ્તરના અમલીકરણનું નિરીક્ષણ, મૂલ્યાંકન અને સમીક્ષા (Monitoring, Evaluation and Review) કરવામાં આવશે.

2.4 અભિયાનના અસરકારક અમલીકરણ માટે તમામ સરકારી, અનુદાનિત, સ્થાનિક સ્વરાજ્ય સંચાલિત તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે આવરી લેવામાં આવતી અન્ય પ્રાથમિક શાળાઓ દ્વારા વાર્ષિક FLN શૈક્ષણિક આયોજન (FLN Action Plan) તૈયાર કરી તેનો અમલ કરવાનો રહેશે.

2.5 ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે નિર્ધારિત FLN માપદંડો, અધ્યયન પરિણામો અથવા મૂલ્યાંકન વ્યવસ્થામાં થતાં ફેરફારોને અનુરૂપ ઉપર્યુક્ત લક્ષ્યાંકો અને વ્યુહરચનામાં જરૂરી સુધારા અથવા ફેરફારો કરી શકાશે.
2.6 અભિયાનના અંતે રાજ્યના બાલવાટિકા અને ધોરણ 1 થી 5 સુધીના તમામ બાળકોમાં વય-અનુરૂપ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન સંબંધિત નિર્ધારિત અધ્યયન પરિણામોની સિદ્ધિ સુનિશ્ચિત કરી ગુણવત્તાયુક્ત, ક્ષમતાલક્ષી, સમાવેશી તથા પરિણામલક્ષી પ્રાથમિક શિક્ષણ માટે મજબૂત શૈક્ષણિક પાયાનું નિર્માણ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે.

## 3. નિપુણ ગુજરાત અભિયાનનું સંસ્થાકીય ગવર્નન્સ અને અમલીકરણ માળખું:

નિપુણ ગુજરાત અભિયાનના અસરકારક અમલીકરણ માટે આયોજન, શૈક્ષણિક માર્ગદર્શન, સંકલન, મોનિટરિંગ, મૂલ્યાંકન, સમીક્ષા તથા પરિણામલક્ષી અમલ સુનિશ્ચિત કરવા રાજ્ય, જિલ્લા, તાલુકા અને શાળા કક્ષાએ વિવિધ સંસ્થાઓ, અધિકારીઓ અને શૈક્ષણિક એકમોની ભૂમિકાઓ તથા જવાબદારીઓ પરિશિષ્ટ - બ મુજબ નિર્ધારિત કરવામાં આવે છે.

અભિયાનના અમલીકરણ દરમિયાન સમગ્ર શિક્ષા (SSA), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી (DPE), જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO), તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી (TPEO), બ્લોક રિસોર્સ સેન્ટર (BRC), ક્લસ્ટર રિસોર્સ સેન્ટર (CRC), BRP (નિપુણ) તેમજ શાળા કક્ષાની સંસ્થાઓ પરસ્પર સંકલન અને સહયોગથી પોતાની જવાબદારીઓનું નિર્વહન કરશે.

## 4. સામૂહિક ભાગીદારીના પ્રયાસો

નિપુણ ગુજરાત અભિયાનના અસરકારક અમલીકરણ માટે વાલીઓ, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC), સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સમુદાયની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે, જેથી બાળકો માટે ઘર અને શાળા બંને સ્તરે અનુકૂળ શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ થઈ શકે.

### 4.1 મારું બાળક – નિપુણ બાળક

- વિદ્યાર્થીઓમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN) ક્ષમતાઓના વિકાસ માટે માતાઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા "મારું બાળક – નિપુણ બાળક" પહેલ અમલમાં મૂકવામાં આવશે.
- દરેક શાળામાં SMCના સંકલન હેઠળ શાળા સાથે સંકળાયેલી 3 થી 5 માતાઓનું "માતા જૂથ" રચવામાં આવશે.
- માતા જૂથના સભ્યોને FLN સંબંધિત જાગૃતિ, ગૃહ આધારિત શિક્ષણ (Home-based learning), રમતાં-રમતાં શીખવાની પ્રવૃતિઓ તથા ઘરેલું શૈક્ષણિક સહાય અંગે માર્ગદર્શન આપવામાં આવશે.
- માતા જૂથમાંથી એક સક્રિય સભ્યને "લીડર માતા" તરીકે નિયુક્ત કરી અન્ય માતાઓને માર્ગદર્શન આપવાની જવાબદારી સોંપવામાં આવશે.
- માતા જૂથ દર પંદર દિવસે શાળાની મુલાકાત લઈ શિક્ષકો સાથે બાળકોની શૈક્ષણિક પ્રગતિ અંગે ચર્ચા કરશે તથા FLN સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સહભાગી થશે.

- લીડર માતા પોતાના વિસ્તારની અન્ય માતાઓ સુધી FLN સંદેશો, શૈક્ષણિક સામગ્રી અને ઘર-આધારિત પ્રવૃત્તિઓ પહોંચાડશે તેમજ અનુભવ-વિનિમય દ્વારા તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહિત કરશે.
- માતા જૂથોની કામગીરીનું સમયાંતરે CRC/BRC તથા જિલ્લા કક્ષાએ મૂલ્યાંકન અને સમીક્ષા કરવામાં આવશે.
- ક્લસ્ટર તથા જિલ્લા કક્ષાએ "શ્રેષ્ઠ માતા જૂથ" જેવા કાર્યક્રમો દ્વારા ઉત્તમ કામગીરી કરનાર માતા જૂથોને પ્રોત્સાહિત અને સન્માનિત કરવામાં આવશે.

### 4.2 નિપુણ પખવાડિયું

- દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત સમયગાળા દરમિયાન "નિપુણ પખવાડિયા"નું આયોજન કરવામાં આવશે.
- પખવાડિયા દરમિયાન શાળા અને સમુદાયના સહયોગથી વાર્તા વાંચન અને કાવ્યગાન, પુસ્તકાલય મુલાકાત, પપેટ શો અને કલા આધારિત પ્રવૃત્તિઓ, કુદરતી વસ્તુઓ દ્વારા પ્રાયોગિક શિક્ષણ તેમજ દેશી રમત અને વાલી-બાળક FLN ક્વિઝ જેવી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC), સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ તથા સમુદાયના સભ્યોની સક્રિય ભાગીદારી દ્વારા FLN અંગે જનજાગૃતિ અને સામાજિક સહભાગીતાને પ્રોત્સાહન આપવામાં આવશે.
- "નિપુણ પખવાડિયા"ને FLN પ્રત્યે જનજાગૃતિ, સમુદાય સહભાગિતા અને બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનના વિકાસને વેગ આપતા રાજ્યવ્યાપી અભિયાન તરીકે અમલમાં મૂકવામાં આવશે.

### 4.3 નિપુણ શાળા

- નિયમ 2.1 મુજબ જે શાળાના બાલવાટિકાથી ધોરણ-5 સુધીના તમામ બાળકો FLN મૂલ્યાંકનમાં 10માંથી 8 કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કરે તેવી શાળા "નિપુણ શાળા" તરીકે માન્યતા મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત પ્રક્રિયા મુજબ અરજી કરી શકશે.
- પ્રાપ્ત અરજીઓની ચકાસણી અને મૂલ્યાંકન બાદ, રાજ્ય સરકાર દ્વારા પાત્રતા ધરાવતી શાળાઓને "નિપુણ શાળાઓ" તરીકે પસંદ કરવામાં આવશે.
- નિપુણ શાળા તરીકે માન્યતા પ્રાપ્ત શાળાઓને રાજ્ય સ્તરે સન્માનિત કરવામાં આવશે તથા FLN ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરીના મોડલ તરીકે પ્રદર્શિત કરવામાં આવશે.
- આવી શાળાઓમાં અમલમાં મૂકવામાં આવેલી શ્રેષ્ઠ શૈક્ષણિક પદ્ધતિઓ, નવીન પ્રવૃતિઓ અને સફળ અનુભવોના પ્રસાર માટે શાળા મુલાકાતો, અનુભવ વિનિમય અને Peer Learning ને પ્રોત્સાહન આપવામાં આવશે.

### 4.4 નિપુણ ઉત્સવ (NIPUN Utsav)

- FLN અંગે સામુદાયિક જાગૃતિ અને જનભાગીદારી વધારવા માટે જિલ્લા/તાલુકા/શાળા સ્તરે "નિપુણ ઉત્સવ"નું આયોજન કરવામાં આવશે.

- ઉત્સવ દરમિયાન વિદ્યાર્થીઓની સિદ્ધિઓ, નવીન શિક્ષણ પદ્ધતિઓ, TLM, વાંચન-લેખન-અંકજ્ઞાન પ્રવૃત્તિઓ તથા શ્રેષ્ઠ પ્રયોગોનું પ્રદર્શન કરવામાં આવશે.
- વાલીઓ, SMC, સ્થાનિક સંસ્થાઓ તથા સમાજના વિવિધ વર્ગોને ઉત્સવમાં સહભાગી બનાવવામાં આવશે.
- ઉત્સવ દ્વારા FLN પ્રત્યે સકારાત્મક સામાજિક વાતાવરણનું નિર્માણ તથા શિક્ષણ પ્રત્યે જનજાગૃતિ મજબૂત કરવામાં આવશે.

## 5. નિપુણ ગુજરાત અભિયાન અંતર્ગત નિયમન માળખું:

નિપુણ ગુજરાત અભિયાનના અસરકારક અમલીકરણ, આંતર-વિભાગીય સંકલન, શૈક્ષણિક માર્ગદર્શન, નિરીક્ષણ, મૂલ્યાંકન, તથા સમયબદ્ધ સમીક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજ્યથી શાળા સ્તર સુધી પરિશિષ્ટ- ક મુજબની સંસ્થાકીય વ્યવસ્થા (Institutional Mechanism) કાર્યરત રહેશે.

### 5.1 રાજ્ય કક્ષાની સમિતિ (State Level Committee):

રાજ્યકક્ષાની સમિતિ નિપુણ ગુજરાત અભિયાનનું નીતિગત માર્ગદર્શન, આંતર-વિભાગીય સંકલન, રાજ્યસ્તરીય આયોજન, અભિયાનના અસરકારક અમલીકરણની સમીક્ષા તથા જરૂરી નિર્ણયો લેશે. **સમિતિની બેઠક ઓછામાં ઓછી દર ત્રણ માસે એક વખત યોજાશે.**

### 5.2 જિલ્લા કક્ષાની સમિતિ (District Level Committee):

જિલ્લા કક્ષાની સમિતિ જિલ્લામાં નિપુણ ગુજરાત અભિયાનના અસરકારક અમલીકરણ, મોનિટરિંગ, સંકલન, સમીક્ષા તથા તાલુકા અને શાળા સ્તરની કામગીરીનું અનુસરણ સુનિશ્ચિત કરશે. **સમિતિની બેઠક ઓછામાં ઓછી દર ત્રણ માસે એક વખત યોજાશે.**

### 5.3 બ્લોક (તાલુકા) / ક્લસ્ટર સ્તર સમિતિ:

બ્લોક (તાલુકા) અને ક્લસ્ટર સ્તરે નિપુણ ગુજરાત અભિયાનના અમલીકરણ, શાળાઓને શૈક્ષણિક માર્ગદર્શન, નિયમિત મોનિટરિંગ, FLN લક્ષ્યાંકોની પ્રગતિની સમીક્ષા તથા શાળાઓને જરૂરી સહયોગ સુનિશ્ચિત કરવા માટે બ્લોક (તાલુકા) / ક્લસ્ટર સ્તરની સમિતિ રહેશે. **સમિતિની બેઠક દર માસે એક વખત યોજવાની રહેશે.**

### 5.4 શાળા સમીક્ષા બેઠક:

નિપુણ ગુજરાત અભિયાન અંતર્ગત શાળા કક્ષાની પ્રગતિની સમીક્ષા માટે, શાળા સ્તરે **દરેક માસમાં બે વાર** શાળા સમીક્ષા બેઠક આચાર્યશ્રીની અધ્યક્ષતામાં યોજવામાં આવશે, જેમાં આચાર્યશ્રી, તમામ શિક્ષકગણ તથા તે સમયગાળા દરમિયાન શાળાની મુલાકાતે આવેલા CRCC અથવા અન્ય નિરીક્ષકની હાજરી અનિવાર્ય રહેશે.

## 6. તાલીમ, મૂલ્યાંકન અને IT આધારિત દેખરેખ

- બાલવાટિકા અને ધોરણ 1 થી 5ના શિક્ષકો તેમજ સંબંધિત શૈક્ષણિક અધિકારીઓ માટે FLN આધારિત ક્ષમતા નિર્માણ કાર્યક્રમો/તાલીમનું નિયમિત આયોજન કરવામાં આવશે.
- તમામ સંબંધિત શિક્ષકો માટે દર વર્ષે FLN તાલીમ યોજવામાં આવશે, જેમાં અનુભવ આધારિત, પ્રવૃત્તિ આધારિત અને બાળકકેન્દ્રિત શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવશે.
- તાલીમ અંગેના પ્રતિસાદના આધારે તાલીમ સામગ્રી અને પ્રક્રિયામાં સતત સુધારા કરવામાં આવશે.
- સ્થાનિક સંસાધનોના અને નવીન શૈક્ષણિક પ્રયોગોના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવશે.
- શાળા આધારિત મૂલ્યાંકન (School-based Assessments - SBA) દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિનું સતત મોનિટરિંગ કરવામાં આવશે.
- નિપુણ ગુજરાત અભિયાન અંતર્ગત તમામ સ્તરની પ્રાથમિક શાળાઓના FLN સંદર્ભે નિરીક્ષણ અને મૂલ્યાંકન માટે વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) ખાતે ચોક્કસ નિપુણ/FLN ડેશબોર્ડ નિભાવવામાં આવશે, જેનો ઉપયોગ રાજ્યના શિક્ષણ વ્યવસ્થાપન, માર્ગદર્શન અને નિયંત્રણ માટે કરવામાં આવશે.
- દર વર્ષે નમૂનારૂપે પસંદ કરાયેલી આશરે 10% પ્રાથમિક શાળાઓમાં બાહ્યમૂલ્યાંકનકાર દ્વારા શાળાઓની રૂબરૂ મુલાકાત કરી FLN સંબંધિત ગુણવત્તાની ચકાસણી કરાવવામાં આવશે અને બાળકોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે.

આ અભિયાન અંતર્ગત તમામ સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ અને આશ્રમ શાળાઓને આવરી લેવામાં આવશે તેમજ ખાનગી પ્રાથમિક શાળાઓએ આ ઠરાવની વ્યૂહરચના મુજબ શૈક્ષણિક આયોજન તૈયાર કરી યોગ્ય અમલવારી કરવાની રહેશે.

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અરવિંદસિંહ વાઘેલા)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

1. માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી).
2. માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5. સચિવાલયના તમામ વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
6. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
7. નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટીની કચેરી, સેક્ટર-૧૨, ગાંધીનગર.

8. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિધા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
9. અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
10. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ B, જૂના સચિવાલય નજીક, ગાંધીનગર.
11. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ/ગાંધીનગર.
12. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
13. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત).
14. તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી મારફત).
15. સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ પર અપલોડ કરવા સારુ.
16. શાખા સિલેક્ટ ફાઇલ.

## પરિશિષ્ટ - અ

### FLN વાર્ષિક કાર્યયોજના

| સમયગાળો | મુખ્ય ફોકસ | સંક્ષિપ્ત પ્રવૃતિઓ |
|---|---|---|
| પ્રથમ ત્રિમાસિક સમયગાળો | બેઝલાઇન, રાજ્યથી શાળા સુધી લક્ષ્યાંક અને આયોજન, ઉપચારાત્મક કાર્ય, નિપુણ કેમ્પેઇન, શિક્ષક તાલીમ, સમિતિઓની રચના અને સમીક્ષા, FLN ડેશબોર્ડ, મારુ બાળક - નિપુણ બાળક | • બાલવાટિકા અને ધોરણ 1 થી 5 માટે બેઝલાઇન કસોટી અને ડેટા એન્ટ્રી.<br>• રાજ્ય-જિલ્લા-બ્લોક-શાળા સ્તરે ચાલુ વર્ષના અંત સુધીના અપેક્ષિત લક્ષ્યાંકો અને સિદ્ધ કરવા માટેનું આયોજન<br>• FLN ઉપચારાત્મક શિક્ષણ<br>• ૫૫ દિવસનું "નિપુણ કેમ્પેઇન"<br>• રાજ્ય-જિલ્લા-બ્લોક સમિતિઓની રચના અને એક સમીક્ષા બેઠક.<br>• FLN માટે શિક્ષક તાલીમની શરૂઆત.<br>• VSK ખાતે FLN માટે ખાસ નિપુણ ડેશબોર્ડ તૈયાર કરવું.<br>• મારું બાળક - નિપુણ બાળક મુજબ માતા ગ્રુપની રચના અને અમલવારી |
| દ્વિતીય ત્રિમાસિક સમયગાળો | મિડલાઇન, ઉપચારાત્મક શિક્ષણ, મેન્ટોર FLN તાલીમ, નિપુણ પખવાડિયું | • મિડલાઇન કસોટી, ડેટા એન્ટ્રી અને પરિણામના આધારે ઉપચારાત્મક કાર્ય<br>• મેન્ટોર(સી.આર.સી.સી./બી.આર.સી.સી./યુ.આર.સી.સી./બી.આર.પી. નિપુણ)ની FLN તાલીમ<br>• "નિપુણ પખવાડિયું" આયોજન અને અમલીકરણ<br>• સંભવિત "નિપુણ શાળા' ઓની પ્રાથમિક ઓળખ. |
| તૃતીય ત્રિમાસિક સમયગાળો | સતત ઉપચારાત્મક શિક્ષણ, નિપુણ ડેશબોર્ડ અપડેટ અને સમીક્ષા, શિક્ષક રિફ્રેશર તાલીમ | • ઉપચારાત્મક કાર્ય.<br>• VSK FLN/નિપુણ ડેશબોર્ડમાં ડેટા અપડેટ અને ત્રિમાસિક સમીક્ષા.<br>• જરૂર મુજબ FLN શિક્ષક રિફ્રેશર તાલીમ અને માર્ગદર્શન. |

| | | |
|---|---|---|
| ચતુર્થ ત્રિમાસિક સમયગાળો | એન્ડલાઇન, બાહ્ય મૂલ્યાંકન, સમીક્ષા બેઠક, 'નિપુણ શાળા'ઓની અંતિમ પસંદગી, 'નિપુણ શાળા' સન્માન આગામી વર્ષનું આયોજન, નિપુણ ઉત્સવ | • એન્ડલાઇન કસોટી, ડેટા એન્ટ્રી અને નવા વર્ષ માટેનું આયોજન<br>• કુલ શાળાઓમાંથી આશરે ૧૦% શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન -શાળા–ક્લસ્ટર–બ્લોક–જિલ્લા સમીક્ષા બેઠક, જેના પરિણામના આધારે આગામી વર્ષનું FLN આયોજન.<br>• 'નિપુણ શાળા'ઓની અંતિમ પસંદગી, સન્માન પત્ર અને શ્રેષ્ઠ પ્રથાઓનું દસ્તાવેજીકરણ/શેરિંગ અને peer learning નું આયોજન.<br>• તાલુકા સ્તરે "નિપુણ ઉત્સવ" અને સમુદાય જાગૃતિ કાર્યક્રમનું આયોજન |

## પરિશિષ્ટ - બ

## અમલીકરણ સંસ્થાઓ

### (1) રાજ્ય કક્ષા

નિપુણ ગુજરાત અભિયાનના રાજ્યસ્તરીય આયોજન, શૈક્ષણિક માર્ગદર્શન, સંકલન, અમલીકરણ, ક્ષમતાવર્ધન, મોનિટરિંગ, સમીક્ષા તથા મૂલ્યાંકનની કામગીરી માટે સમગ્ર શિક્ષા (SSA), ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી (DPE) તથા અન્ય સંબંધિત રાજ્ય કક્ષાની સંસ્થાઓ નીચે મુજબની જવાબદારીઓ નિભાવશે.

**(અ) સમગ્ર શિક્ષા (SSA): મુખ્ય અમલીકરણ એજન્સી.**

- નિપુણ ગુજરાત અભિયાનનું રાજ્યસ્તરીય આયોજન, સંબંધિત વિભાગો તથા અમલીકરણ સંસ્થાઓ વચ્ચે જરૂરી સંકલન, માર્ગદર્શન, મોનિટરિંગ, સમીક્ષા, મૂલ્યાંકન અને અમલીકરણ સુનિશ્ચિત કરશે.
- અભિયાનના અસરકારક અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શિકા, વાર્ષિક કાર્યયોજના, નાણાકીય આયોજન તથા અન્ય આવશ્યક સંસાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે તેમજ જિલ્લા, તાલુકા તથા અન્ય અમલીકરણ કક્ષાઓને જરૂરી વહીવટી, કાર્યક્રમલક્ષી અને તકનિકી માર્ગદર્શન તથા સહાય પૂરી પાડશે
- અભિયાનના નિર્ધારિત ઉદ્દેશો અને લક્ષ્યાંકોની સિદ્ધિ માટે વિવિધ અમલીકરણ સંસ્થાઓ વચ્ચે અસરકારક સંકલન, સહયોગ અને અમલીકરણ સુનિશ્ચિત કરશે.

**(બ) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) – રાજ્યની શૈક્ષણિક નોડલ એજન્સી**

- નિપુણ ગુજરાત અભિયાનની રાજ્યસ્તરીય શૈક્ષણિક નોડલ એજન્સી તરીકે કાર્ય કરશે.
- FLN સંબંધિત માર્ગદર્શિકા, તાલીમ મોડ્યુલ તથા અધ્યયન-અધ્યાપન સામગ્રીનો વિકાસ, સુધારણા અને સમયાંતરે પુનરાવલોકન કરશે.

- શિક્ષકો, મુખ્ય શિક્ષકો, CRC, BRC, BRP નિપુણ, DIET તથા અન્ય શૈક્ષણિક સહાયકો માટે ક્ષમતાવર્ધન કાર્યક્રમોનું આયોજન અને શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડશે.
- FLN સંબંધિત અધ્યયન પરિણામો, મૂલ્યાંકન પ્રક્રિયા તથા શૈક્ષણિક ગુણવત્તાના વિશ્લેષણના આધારે જરૂરી સુધારાઓ માટે માર્ગદર્શન આપશે તથા નવીન શૈક્ષણિક પ્રયોગો અને શ્રેષ્ઠ પદ્ધતિઓના પ્રસારને પ્રોત્સાહન આપશે.
- રાજ્ય સ્તરે શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે DIET તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન જાળવશે.

**(ક) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી (DPE)**

- નિપુણ ગુજરાત મિશનના કાર્યક્રમોનું રાજ્યવ્યાપી અમલીકરણ સુનિશ્ચિત કરવા જિલ્લા તથા તાલુકા કક્ષાની કામગીરીનું નિયમિત મોનિટરિંગ અને સમીક્ષા અને જિલ્લાઓ પાસેથી પ્રાપ્ત પ્રગતિ અહેવાલોના વિશ્લેષણના આધારે જરૂરી વહીવટી માર્ગદર્શન અને સુધારાત્મક સૂચનાઓ આપશે.
- રાજ્ય સરકાર સમક્ષ અભિયાનની પ્રગતિ અંગે સમયાંતરે સંકલિત અહેવાલ રજૂ કરશે, શાળાઓ સુધી જરૂરી કાર્યક્રમો, સામગ્રી અને સૂચનાઓની સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે તથા મિશન અંતર્ગત પ્રાપ્ત ડેટા અને પ્રગતિની સમીક્ષા કરશે.

## (2) જિલ્લા કક્ષા

**(અ) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET)**

- જિલ્લામાં નિપુણ ગુજરાત અભિયાનની શૈક્ષણિક નોડલ સંસ્થા તરીકે GCERT દ્વારા નિર્ધારિત શૈક્ષણિક માર્ગદર્શિકા, તાલીમ કાર્યક્રમો અને શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડશે.
- શિક્ષકો, મુખ્ય શિક્ષકો, CRC, BRCC, BRP તથા અન્ય શૈક્ષણિક કર્મચારીઓ માટે ક્ષમતાવર્ધન, FLN તાલીમ અને શૈક્ષણિક સહાયકાર્યક્રમોનું આયોજન કરશે.
- શાળા મુલાકાતો તથા અધ્યયન પરિણામોના વિશ્લેષણના આધારે શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે જરૂરી માર્ગદર્શન અને નવીન પ્રયોગોને પ્રોત્સાહન આપશે.

**(બ) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) / શાસનાધિકારી**

- જિલ્લામાં નિપુણ ગુજરાત અભિયાનના આયોજન, સંકલન અને અસરકારક અમલીકરણનું નેતૃત્વ કરશે તથા DIET અને તાલુકા કક્ષાની સંસ્થાઓ સાથે જરૂરી સંકલન જાળવશે.
- જિલ્લાની શાળાઓમાં FLN કાર્યક્રમની પ્રગતિનું મોનિટરિંગ, સમીક્ષા, મૂલ્યાંકન અને FLN સંબંધિત ડેટાનું વિશ્લેષણ કરી જરૂરી વહીવટી માર્ગદર્શન આપશે.

## (3) તાલુકા કક્ષા

**(અ) તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી (TPEO) / સહાયક શિક્ષણ નિરીક્ષક (AEI) / બ્લોક રિસોર્સ સેન્ટર કો-ઓર્ડિનેટર (BRCC)**

- તાલુકા કક્ષાએ નિપુણ ગુજરાત અભિયાનના અસરકારક અમલીકરણ, સંકલન, મોનિટરિંગ અને માર્ગદર્શન માટે સંયુક્ત રીતે જવાબદાર રહેશે.
- શાળા મુલાકાતો, તાલુકા તથા ક્લસ્ટર કક્ષાના FLN ડેટાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન પરિણામોના આધારે જરૂરી સુધારાત્મક પગલા તથા શૈક્ષણિક માર્ગદર્શન આપશે.

**(બ) બ્લોક રિસોર્સ પર્સન (BRP નિપુણ)**

- તાલુકા કક્ષાએ FLN કાર્યક્રમોના શૈક્ષણિક અમલીકરણ અને મોનિટરિંગમાં સહયોગ આપશે.
- FLN ડેટા અને શાળા મુલાકાતો આધારે, શાળાઓને ગુણવત્તાસભર અધ્યયન-અધ્યાપન માટે જરૂરી શૈક્ષણિક સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડશે.

## (4) ક્લસ્ટર કક્ષા

**(અ) ક્લસ્ટર રિસોર્સ સેન્ટર કો-ઓર્ડિનેટર (CRCC)**

- શાળા મુલાકાત દરમિયાન FLN કાર્યક્રમોનું નિરીક્ષણ, FLN સંબંધિત અધ્યયન-અધ્યાપન સામગ્રીના ઉપયોગ વિતરણ અને જાળવણીનું નિરીક્ષણ અને ગુણવત્તાની સમીક્ષા કરશે, તેમજ શિક્ષકોને વર્ગખંડ આધારિત શૈક્ષણિક સહાય અને માર્ગદર્શન પૂરું પાડશે.
- વાલી અને SMC ના સહયોગથી સમાજમાં FLN અંગે જાગૃતિ લાવવાના પ્રયાસો કરશે અને ક્લસ્ટરની પ્રગતિ અંગે BRCC અને TPEOને સમયાંતરે અહેવાલ આપીને નિર્ધારિત લક્ષ્યાંકોની પ્રાપ્તિ સુનિશ્ચિત કરવા સતત સહયોગ આપશે.

## (5) શાળા કક્ષા

**(અ) શાળા**

- રાજ્ય તથા જિલ્લા કક્ષાએથી પ્રાપ્ત માર્ગદર્શિકા અનુસાર અભિયાનનું અસરકારક અમલીકરણ તથા શાળાના તમામ વિદ્યાર્થીઓ FLN લક્ષ્યાંકો પ્રાપ્ત કરે તે માટે શાળા સ્તરે આયોજન સુનિશ્ચિત કરશે.
- શાળામાં ગુણવત્તાસભર અધ્યયન-અધ્યાપન, સતત મૂલ્યાંકન તથા ઉપચારાત્મક શિક્ષણનું આયોજન કરશે અને વિદ્યાર્થીઓના અધ્યયન પરિણામોના વિશ્લેષણ આધારે જરૂરી શૈક્ષણિક પધ્ધતિઓ અમલમાં મૂકશે.
- વાલી, SMC અને સ્થાનિક સમુદાયના સહયોગથી ગુણવત્તાસભર અને બાળક-કેન્દ્રિત સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ સુનિશ્ચિત કરશે.

**(બ) આચાર્ય**

- શાળામાં FLN કાર્યક્રમના અસરકારક અમલીકરણનું નેતૃત્વ, સંકલન અને નિયમિત સમીક્ષા કરશે.
- શિક્ષકોને જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન, સહયોગ તથા શૈક્ષણિક સહાય પૂરી પાડશે અને વિદ્યાર્થીઓની નિયમિત હાજરી, અધ્યયન પ્રગતિ અને સિદ્ધિની નિયમિત દેખરેખ રાખી વાલીઓ તથા SMC સાથે સંકલન જાળવી શાળાના વિકાસમાં તેમની સહભાગિતા સુનિશ્ચિત કરશે.

**(ક) શિક્ષક**

- બાળક-કેન્દ્રિત, રમત-પ્રવૃત્તિ આધારિત અને સમાવેશી શિક્ષણ પદ્ધતિ દ્વારા બાળકોમાં વાંચન, લેખન અને ગણિતના મૂળભૂત કૌશલ્યોના વિકાસ માટે દૈનિક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરશે.
- દરેક બાળક FLN લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકે તે માટે બાળકોના અધ્યયનનું સતત મૂલ્યાંકન કરી જરૂરિયાત મુજબ ઉપચારાત્મક શિક્ષણ આપશે અને આ અંગે વાલીઓ સાથે સતત સંવાદ રાખી ઘર આધારિત શૈક્ષણિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપશે.

**(ડ) શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ની ભૂમિકા**

- નિપુણ ગુજરાત અભિયાનના અસરકારક અમલીકરણમાં સક્રિય સહભાગી બની વિદ્યાર્થીઓની નિયમિત હાજરી અને શૈક્ષણિક પ્રગતિ અંગે વાલીઓ સાથે સતત સંવાદ અને સહયોગ જાળવી શાળામાં ગુણવત્તાસભર શૈક્ષણિક વાતાવરણ (Learning Environment) નિર્માણમાં યોગદાન આપશે.
- શાળાના FLN કાર્યક્રમના અસરકારક અમલીકરણ અને સ્થાનિક સમુદાયમાં FLN અંગે જાગૃતિ લાવવા વાલીઓની ભાગીદારી સુનિશ્ચિત કરશે.

## પરિશિષ્ટ - ક
## વિવિધ સમિતિઓ

નિપુણ ગુજરાત અભિયાનના અસરકારક આયોજન, અમલીકરણ અને દેખરેખ (Monitoring) સુનિશ્ચિત કરવા માટે રાજ્ય કક્ષા, જિલ્લા કક્ષા તથા તાલુકા કક્ષાની સમિતિઓની રચના નીચે મુજબ કરવામાં આવે છે. આ સમિતિઓ અભિયાનના ઉદ્દેશ્યોની સિદ્ધિ માટે માર્ગદર્શન, સંકલન અને સમયાંતરે સમીક્ષા કરવાની જવાબદારી નિભાવશે.

### (1) રાજ્ય કક્ષાની સમિતિ

| ક્રમ | સભ્ય | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| 1. | અગ્ર સચિવ (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) | ચેરમેન |
| 2. | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર (સમગ્ર શિક્ષા) | સભ્ય સચિવ |
| 3. | નિયામક (પ્રાથમિક શિક્ષણ) | સભ્ય |
| 4. | નિયામક, જીસીઇઆરટી | સભ્ય |

| | | |
|---|---|---|
| 5. | એડિશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર (સમગ્ર શિક્ષા) | સભ્ય |
| 6. | સચિવ (સમગ્ર શિક્ષા) | સભ્ય |
| 7. | કુલપતિ (ટીચર યુનિવર્સિટી) | સભ્ય |
| 8. | કુલપતિ (ચિલ્ડ્રન યુનિવર્સિટી) | સભ્ય |
| 9. | નિપુણ ભારત મિશન સ્ટેટ PMUના પ્રતિનિધિઓ | સભ્ય |

## (2) જિલ્લા કક્ષાની સમિતિ

| ક્રમ | સભ્ય | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| 1. | જિલ્લા વિકાસ અધિકારી | ચેરમેન |
| 2. | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી | સભ્ય સચિવ |
| 3. | DIET પ્રિન્સિપાલ | સભ્ય |
| 4. | પ્રોગ્રામ ઓફિસર, ICDS | સભ્ય |
| 5. | તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી – 1 | સભ્ય |
| 6. | બી.આર.સી.સી.ઓ-1 (નામાંકન આધારે) | સભ્ય |
| 7. | સી.આર.સી. કો-1 (નામાંકન આધારે) | સભ્ય |
| 8. | રાષ્ટ્રીય/રાજ્ય પુરસ્કાર વિજેતા શિક્ષક-1 (નામાંકન આધારે) | સભ્ય |
| 9. | જાણીતા શિક્ષણવિદ / શિક્ષક (નામાંકન આધારે) | સભ્ય |
| 10. | બીઆરપી નિપુણ (નામાંકન આધારે) | સભ્ય |

## (3) તાલુકા કક્ષાની સમિતિ

| ક્રમ | સભ્ય | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| 1 | તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી – 1 | ચેરમેન |
| 2 | Block Resource Coordinator (B.R.C.) | સભ્ય સચિવ |
| 3 | તાલુકા (બ્લોક) ડાયટના પ્રભારી પ્રતિનિધિ | સભ્ય |
| 4 | Child Development Project Officer (CDPO) | સભ્ય |
| 5 | Cluster Resource Coordinator (C.R.C.) (નામાંકન આધારે) | સભ્ય |

| | | |
|---|---|---|
| 6 | બીઆરપી નિપુણ | સભ્ય |
| 7 | રાષ્ટ્રીય / રાજ્ય પુરસ્કાર વિજેતા મુખ્ય શિક્ષક / શિક્ષક અથવા Special Resource Group (SRG) સભ્ય (નામાંકન આધારે) | સભ્ય |